દાખલ તારીખ : ૨૬/૦૭/૧૩
રજી.કર્યા તારીખ : ૨૬/૦૭/૧૩
નિકાલ તારીખ : ૦૧/૦૪/૨૫
**સમય : વર્ષ –માસ–દિવસ**

---

**ગોધરાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એચ.એ.મકા સાહેબ સમક્ષ મું.ગોધરા**

---

**રેફરન્સ (ટી.)નં.૯૯/૨૦૧૩**
**આંક: ૨૪**

**પ્રથમ પક્ષકાર : –** નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,
ભાદર નહેર વિતરણ પેટા વિભાગ,
લુણાવાડા,તા.લુણાવાડા,જી.પંચમહાલ.

**– :: વિરુધ્ધ :: –**

**બીજા પક્ષકાર :–** ગુજરનાર અર્જુનભાઈ શનાભાઈ પગીના વારસદારો
(૧) ગલીબેન અર્જુનભાઈ પગી(પત્ની)
(૨) પગી કાળુભાઈ અર્જુનભાઈ (પુત્ર)
(૩) પગી સોમાભાઈ અર્જુનભાઈ(પુત્ર)
(૪) પગી મઘીબેન અર્જુનભાઈ(પુત્રી)
(૫) પગી કૈલાસબેન અર્જુનભાઈ(પુત્રી)
મુ.પો.કોલવણ,તા.લુણાવાડા.
C/O ગુજરાત લેબર ફેડરેશન,
તા.કાલોલ,જી.પંચમહાલ.

**પ્રતિનિધિત્વ :–**

પ્રથમ પક્ષકાર તરફે :– વિધ્વાન સરકારી વકીલશ્રી આર.એસ.ઠાકોર

બીજા પક્ષકાર તરફે :– પ્રતિનિધિશ્રી એસ.એ.ભોઈ

---

**વિષય :– ઔધોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧)હેઠળ ન્યાય નિર્ણય કરવા બાબત...**

---

**– :: એવોર્ડ ::–**

(૧) આ કામના પક્ષકારો વચ્ચે ઉદભવેલ ઔધોગીક તકરારની ફરીયાદ સંબધે મદદનીશશ્રમ આયુકતશ્રી, ગોધરા તરફથી તેઓના તા.રર/૦૭/ર૦૧૩ ના હુકમ નંબર–કે.એચ./એસ.એચ.એમ.સી./ગો./૭૩ર૦ થી અત્રેની મજુર અદાલત,ગોધરાને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુસુચિ નીચે મુજબ છે.

**– :: અનુંસુચિ :: –**

**શ્રી અર્જુનભાઈ શનાભાઈ પગીને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?**

(ર) આ કામે બીજા પક્ષકારે તેમનું માંગણાનું નિવેદન **આંક–૦૩** તથા સુધારેલ માંગણાનું નિવેદન **આંક–૧૫** થી રજુ કરેલ છે. બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે, પ્રથમ પક્ષકારનો સમાવેશ ઉધોગમાં થાય છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામા તા.૧૦/૩/૧૯૮ર થી રોજમદાર મજુર તરીકેની ફરજમાં હાજર થયા હતા. જે તે સમયે પ્રથમ પક્ષકાર સંસ્થા ભાદર નહેર પેટા વિભાગ નં.૬ થી ઓળખાતી હતી.જે તે વખતે પ્રથમ પક્ષકાર ધ્વારા બીજા પક્ષકાર પાસે થી ભાદર નહેર પેટા વિભાગ નં.૪,પ,૬ વિભાગોમાં કામની જરૂરિયાત મુજબ કામગીરી કરાવતા હતા અને હાલ આ તમામ વિભાગોને ભાદર નહેર વિતરણ પેટા વિભાગ લુણાવાડા ને સુપ્રત કરવામાં આવેલા છે. બીજા પક્ષકારે શરૂઆતમાં વિભાગ નં.૪, પ, ૬ માં કામગીરી કરેલી છેલ્લે વિભાગ નં.૬માં કામગીરી કરેલી અને મે–૧૯૮૭ માં સદરહુ વિભાગ ભાદર નહેર વિતરણને સુપ્રત થતા જુન–૧૯૮૭ થી સદરહુ વિભાગમાં ફરજ બજાવવાનુ શરૂ કરેલ. બીજા પક્ષકારે તેમની ફરજના અરસા દરમ્યાન મસ્ટર કારકુન શ્રી સોમાભાઈ હીરાભાઈ પટેલ,શ્રી ડી.જે.પટેલ, શ્રી મોતીભાઈ માલીવાડ, શ્રી અંબાલાલ જે.પટેલ, શ્રી કે.વી.પટેલ તથા શ્રી એમ.પી.માલીવાડ વિગેરે પાસે કુભરવાડી થી કોલવણ, કુભરવાડી થી રસુલપુર સાઈડો ઉપર અને તે સાઈડો ઉપર આવેલ સ્ટોર(શેડ) ઉપર રોજમદાર તરીકે ની સતત માસના રર થી રપ દિવસ સુધીની કામગીરી કરેલ છે અને આ કામગીરી કર્યા અંગેની હાજરી ઉપરોકત જણાવેલ મસ્ટર કારકુનો પુરતા હતા. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં હાજર થયા ત્યારથી તેઓને કોઈ નિમણુંકપત્ર, હાજરી કાર્ડ, ઓળખપત્ર,રજાનું કાર્ડ, પગાર સ્લીપ કે છુટા કર્યા ત્યાં સુધી કોઈ કાયમી નિમણુંક પત્ર કે નોકરીને લગતા દસ્તાવેજો નિયમોનુસાર આપવા જોઈતા હતા તે આપેલા ન હતા. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારને ત્યાં ફરજમાં હાજર થયા ત્યારે ચોકીદાર તરીકેની આઠ કલાક કરતા વધુ સમયની અને માસના પુરા દિવસોની કામગીરી કરતા હતા તે પેટે તેઓને દૈનિક રૂા.પ૦/– મુજબનો પગાર ચુકવવામાં આવતો હતો. ભાદર નહેર પેટા વિભાગ નં.૪, પ, ૬ કામગીરી હળવી

થતા બીજા પક્ષકારની વિતરણ પેટા વિભાગ માં તમામ ચાર્જ સહિત સુપ્રત કરતા બીજા પક્ષકારે સદરહુ વિભાગની જુદી જુદી બીટોમાં જે કામગીરી સોપતા હતા તે બીટમાં કામગીરી કરતા હતા અને તે બીટમાં મસ્ટર કારકુન હાજરી પુરતા હતા પરંતુ બીજા પક્ષકાર પાસે તે સમયે તુટક કામગીરી કરાવી બીજા પક્ષકાર ને વાઉચર(એચ.આર) પર પગાર ચુકવતા અને છેલ્લે કોઈ પણ જાત ના વ્યાજબી કારણો સિવાય સીનીયોરીટી ધ્યાન રાખ્યા સિવાય ઓગષ્ટ-૨૦૧૦ થી કોઈ પણ વળતર ચુકવ્યા સિવાય મૌખિક હુકમ થી છુટા કરી દીધેલ બીજા પક્ષકારે હાજર થયા ત્યાર થી પ્રથમ પક્ષકાર સંસ્થામાં સતત સળંગ અતુટ બ્રેક સિવાય ની સળંગ નોકરી કરી દરેક વર્ષોમાં ૨૪૦ દિવસ કરતા વધુ દિવસની કામગીરી કરેલ છે જે અંગેના તમામ દસ્તાવેજો પ્રથમ પક્ષકારના કબજા હેઠળ છે.બીજા પક્ષકારને છુટા કરતા સમયે તે અંગે કોઈ વળતર ચુકવેલ નથી કે કોઈ નોટીસ, નોટીસ પગાર પણ ચુકવેલ નથી અને તેઓએ આઈ.ડી.એકટની કલમ ૨૫ (એચ) અને ૨૫ (એફ)નો ભંગ કરી નોકરીમાંથી બીજા પક્ષકાર ને નોકરીમાંથી છુટા કર્યા બાદ તેમની પાસે ફરજમાં રાખી લેવા વિનંતી કરવા છતા નોકરીમાં રાખવામા ખોટા આશ્વાસનો આપી સમયે લંબાવેલ છે. જેના કારણે કેસ દાખલ કરવામાં વિલંબ થયેલ જે વિલંબ મદદનીશ શ્રમ આયુકત સમક્ષ માફ કરાવી હાલનો રેફરન્સ થયેલ છે. હાલ પ્રથમ પક્ષકારની સંસ્થા અને સંલગ્ન સંસ્થાઓ કાર્યરત હોઈ અવાર-નવાર તેમની પાસે ફરજમાં હાજર કરવાની વિનંતી કરવા છતાં બીજા પક્ષકારને કામ ઉપર લેવાની કોઈ દરકાર કરેલ નથી. હાલમાં પ્રથમ પક્ષકાર સંસ્થા વિભાગોની કામગીરી કાર્યરત છે જેમા બીજા પક્ષકાર સાથેના અને પછીના કામદારો ફરજ બજાવે છે. જયારે બીજા પક્ષકાર બેરોજગાર છે. આમ, બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ બીજી ઘણી નોકરી મેળવવા માટે પ્રયત્ન કરેલ પરંતુ નોકરી મળેલ નથી તેમજ તેઓના કુટુંબનુ ભરણપોષણ માટેનું સાધન ફકત નોકરી જ છે જેથી પ્રથમ પક્ષકારનું છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર ઠરાવવા અરજ કરેલ છે તથા પડેલા પગાર સહીત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક-૦૫ થી જવાબ રજુ કરેલ છે જેમાં બીજા પક્ષકારના માંગણાના નિવેદનની હકીકતોનો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે,સંસ્થા અગાઉ વિભાગ નં.૪,૫,૬ તરીકે ઓળખાતી હતી તે બંધ થઈ ગયેલ છે તેવુ બીજા પક્ષકારે જણાવેલ છે. સદરહુ વિભાગો ને પક્ષકાર બનાવેલ નથી.વધુમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકારનો સમાવેશ ઉદ્યોગની વ્યાખ્યા માં થતો નથી.બીજા પક્ષકાર એક પણ દિવસ પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામગીરી કરેલ નથી. સને-૧૯૯૮ થી મસ્ટર પ્રથા બંધ થયેલ છે. બીજા પક્ષકાર એક પણ દિવસ કામ પર આવેલ ન હોઈ નોટીસ,ચાર્જશીટ, ખાતાકીય તપાસ કે,નિમણુંકપત્ર, હાજરી કાર્ડ, ઓળખપત્ર, વિગેરે આપવાનું હોતુ નથી,તેમજ એક

પણ દિવસ કામગીરી કરેલ ન હોઈ નોટીસ કે નોટીસ પગાર કે છટણી વળતર આપવાનુ હોતુ નથી. વધુમાં જણાવે છે કે બીજા પક્ષકારે જણાવેલ હકીકતો તથા વર્ષમાં ૨૪૦ દિવસ કામગીરી કરેલ હોવાની હકીકત પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. બીજા પક્ષકારે એક પણ દિવસ કામગીરી કરેલ ન હોય બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામના બીજા પક્ષકાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| **અનું નં..** | **મૌખીક પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | ગુજ.બીજા પક્ષકારના પત્ની ગલીબેન અર્જુનભાઈ પગીની સોગંદનામાં પરની જુબાની.. | ૧૭ |

બાદ બીજા પક્ષકાર તરફે આંક-૧૮ ની કલોઝીંગ પુરસીસથી પોતાનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે.

(૫) આ કામના પ્રથમ પક્ષકાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| **અનું.નં.** | **મૌખિક પુરાવો** | **આંક** |
|---|---|---|
| (૧) | અતુલ દયાશંકર પાંડેની સોગંદનામા પર જુબાની. | ૧૯ |

| **અનું.નં.** | **દસ્તાવેજી પુરાવો** | **આંક** |
|---|---|---|
| (૧) | રોજમદારોના હાજરીપત્રકોની પ્રમાણીત નકલો. | નિ.૨૦/૧ થી નિ.૨૦/૩૩ |
| (૨) | રોજમદારોના પગારબીલોની નકલો. | નિ.૨૧/૧ થી નિ.૨૧/૩૬ |

આ કામના પ્રથમ પક્ષકારે આંક-૨૨ થી પોતાનો પુરાવો પુરો થયાનુ જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે.

(૬) આ કામના બીજા પક્ષકાર તરફે તેઓના પ્રતિનિધિશ્રી દવારા મૌખીક દલીલ કરવામાં આવેલ છે કે,આ કામના બીજા પક્ષકાર ધ્વારા સને-૧૯૮૨ થી ભાદર નહેરના અલગ અલગ વિભાગમાં રોજમદાર તરીકે ફરજ બજાવેલ છે તેમ છતાં સને-૨૦૧૦ માં કામનુ ભારણ ઓછુ હોવાનુ જણાવીને મૌખીક હુકમથી છુટા કરી દેવામાં આવેલ છે. આ કામના પ્રથમ પક્ષકાર તરફે કામદારે ૨૪૦ દિવસ કામગીરી કરેલ નહી હોવાની તકરાર ઉપસ્થિત કરેલ છે જે માટે બીજા પક્ષકાર ધ્વારા મૌખિક પુરાવો આપેલ છે અને સંસ્થા પાસેથી દસ્તાવેજો રજુ કરાવવા માટે અરજી આપેલ હતી જે અરજીમાં અદાલત ધ્વારા છેલ્લા ત્રણ વર્ષના દસ્તાવેજો રજુ કરવાનો હુકમ કરેલ હોવા છતાં તેઓએ આવા દસ્તાવેજો રજુ કરેલ

નથી તેમજ જે દસ્તાવેજો રજુ કરેલ છે તે કાયમી રોજમદારના રજુ કરેલ છે તેવા સંજોગોમાં તેઓએ ઈરાદાપૂર્વક તેઓની કસ્ટડીમાં દસ્તાવેજો હોવા છતાં આવા દસ્તાવેજો રજુ કરેલ નથી તેમજ અદાલત ના હુકમ મુજબ દસ્તાવેજો રજુ નહી કરવા અંગેનુ સોગંદનામું પણ કરેલ નથી.આ કામના બીજા પક્ષકાર સાથે કામ કરતા બીજા કામદારોને કાયમી કરવામાં આવેલ છે.આમ, સંસ્થા ધ્વારા બીજા પક્ષકારે ૨૪૦ દિવસની કામગીરી કરેલ ન હોય તેવા કોઈ દસ્તાવેજો રજુ કરેલ ન હોય તેઓની વિરૂધ્ધમાં અનુમાન કરવાપાત્ર થાય છે.આમ બીજા પક્ષકારે ૨૪૦ દિવસની એટલે કે કલમ–૨૫(બી) મુજબ સળંગ નોકરી કરેલ હોવા છતાં સંસ્થા ધ્વારા કલમ–૨૫(એફ)નો ભંગ કરી નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર ચુકવ્યા સિવાય મૌખિક હુકમથી છુટા કરી દીધેલ છેતેવા સંજોગોમાં બીજા પક્ષકાર નોકરીમાં પુન:સ્થાપિત થવા હકકદાર થાય છે પરંતુ આ કામના બીજા પક્ષકાર રેફરન્સ કેસ ચાલતા દરમ્યાન અવસાન પામેલ હોઈ તેઓના વારસદારો ને મહત્તમ ઉચ્ચક વળતર તથા સરકારશ્રી ના તા.૧૭/૧૦/૧૯૮૮ ના પરીપત્ર મુજબના લાભો ચુકવી આપવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે વિધ્વાન ડી.જી.પી.શ્રી દવારા આંક–૨૩ થી પોતાની લેખીત દલીલ રજુ કરેલ છે અને તેઓની આ દલીલ ના સમર્થનમાં તેઓ દવારા નીચે મુજબની ઓથોરીટીઓ રજુ કરેલ છે.

(1) Chairman, Municipal Board And Other V/S Mahavir Prasad Sharma & Others Sci Rl W 2007(3) 999.
(2) High Court Of Judicature For Rajashthan Bench At Jaipur S.B, Civil Write Petition No.1243/2016
(3) S.C.Sci Range Forest Officer V/S S.T.Hadimani, Appeal No.1283 Of 2002, Dt.15-02-2002.
(4) Gujarat High Court R/S.C.A. No. 7059 Of 2008, Dt.11-03-2022
(5) S.C.Surendranagar District Panchayat And Other Vs.Jethabhai Pitamberbhai Air Online 2005 Sc 1073

(૭) આ કામે રેકર્ડ ધ્યાને લેતાં,માંગણાનું નિવેદન તથા જવાબ ધ્યાને લેતાં આ કામના નિર્ણય માટે તથા મદદનીશશ્રમ આયુકતશ્રી,ગોધરાએ કરેલ રેફરન્સનો મુખ્ય મુદ્દો કે બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેના નીર્ણય માટે મારી સમક્ષ નીચેના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું બીજા પક્ષકાર,પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામદાર હતા અને રોજમદાર મજુર તરીકે ફરજ બજાવતા હતા ?

(૨) શું બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા પડેલા દિવસોના પગાર મેળવવા અથવા યોગ્ય વળતર મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.

**–:: નિર્ણય ::–**

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**–: કારણો:–**

(૧૧) મુદ્દાનં.૧ :–

આ કામના બીજા પક્ષકાર દવારા પોતાના માંગણાના નિવેદનમાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧૦/૦૩/૧૯૮૨ થી રોજમદાર મજુર તરીકે દૈનિક રૂા.૫૦/–ના પગારથી ભાદર નહેર પેટા વિભાગ નં.૪ થી ૬ માં બાદમાં મે.૧૯૮૭ થી વિતરણ વિભાગમાં ફરજ બજાવતા હતા અને બીજા પક્ષકારને કોઈ પણ જાતના કારણ વગર સીનીયોરીટીનું ધ્યાન દોર્યા વગર ઓગસ્ટ.૨૦૧૦ થી નોકરી માંથી ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંતોની વિરૂધ્ધ જઈ મૌખીક હુકમથી છુટા કરી દીધેલ હોવાની હકીકત જણાવેલ છે બાદમાં બીજા પક્ષકાર અવસાન પામતા તેઓના વારસદાર પત્ની દવારા આ હકીકતે સમર્થન કરવા માટે તેઓના મૌખીક પુરાવામાં પણ આ લગત પુરાવો આપેલ છે, જયારે આ કામના પ્રથમ પક્ષકાર દવારા બીજા પક્ષકાર તેઓના કામદાર નહી હોવાની અને બીજા પક્ષકારે એક પણ દિવસ કામગીરી નહી કરેલ હોવાની તકરાર લેવામાં આવેલ છે,આમ તેઓ દવારા બીજા પક્ષકાર તેઓની સંસ્થામાં કામ કરતા હોવાની હકીકતનો સ્વીકાર કરેલ નથી તેથી આ હકીકત બીજા પક્ષકારે પુરવાર કરવાની રહે જે માટે આ કામના ગુજ.બીજા પક્ષકાર તરફે તેઓના પત્ની દવારા આપેલ પુરાવો જોતા તેઓએ સંસ્થામાં કામ કરેલ હોવાનો માત્ર મૌખીક પુરાવો આપેલ છે પરતું કયાં અધિકારીએ કઈ તારીખે નોકરીમાં રાખેલ તે જણાવેલ નથી,કઈ તારીખે છુટા કરેલ તે જણાવેલ નથી તેમજ કામગીરી કરેલ હોવાનો કે નોકરી કરેલ હોવાનો કોઈ લેખીત આધાર રજુ કરેલ નથી,વધુમાં તેઓની ઉલટતપાસમાં તેઓ દવારા તેઓના ગુજ.પતી શું કામગીરી કરતા હતા તેની ખબર ના હોવાનો સ્વીકાર કરેલ છે,આમ બીજા પક્ષકાર તરફે તક મળવા છતા નોકરી કરેલ હોવાનો કોઈ

આધારભુત પુરાવો રજુ કરવામાં આવેલ નથી,આ કામના બીજા પક્ષકાર દવારા પ્રથમ પક્ષકારની ઉલટતપાસ માં સને.૧૯૮૭ માં ભાદર નહેર સંસ્થા અસ્તીત્વમાં આવેલ હોવાની અને તે પહેલા તેઓના અલગ અલગ વિભાગ ચાલતા હોવાની તેમજ આ વિભાગો ના મસ્ટરો તેઓએ રજુ નહી કરેલ હોવાની હકીકત રેકર્ડ પર આવેલી છે,આમ તેઓ દવારા પ્રથમ પક્ષકાર દવારા તમામ વિભાગોના દસ્તાવેજો રજુ નહી કરેલ હોવાની બાબત રેકર્ડ પર લાવવામાં આવેલ છે પરંતું બાદમાં પ્રથમ પક્ષકાર દવારા આંક–૨૦ ના લીસ્ટથી મસ્ટરોની નકલો,સીનીયોરીટી લીસ્ટ તથા આંક–૨૧ ના લીસ્ટથી સને.૨૦૧૦ થી અગાઉના વર્ષના પગારબીલોની નકલો રજુ કરેલ છે જેમાં આ કામના બીજા પક્ષકારનું નામ જણાતું નથી જેથી બીજા પક્ષકાર દવારા આ સમયમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ નથી.આમ આ કામના પ્રથમ પક્ષકાર તરફે સ્પસ્ટ તકરાર લેવામાં આવેલ છે કે,બીજા પક્ષકાર દવારા તેઓની સંસ્થામાં એક પણ દિવસ કામ કરેલ નથી તેવા સંજોગોમાં બીજા પક્ષકાર ઉપર તેઓ પ્રથમ પક્ષકારના કામદાર હોવાનું અને તેઓ દવારા સંસ્થામાં કામગીરી કરેલ હોવાની હકીકત પુરવાર કરવાનો બોજો આવે છે જે પુરવાર કરવા આ કામે માત્ર મૌખીક પુરાવો રજુ થયેલ છે જેમાં પણ ઉલટતપાસમાં તેઓની વિરૂધ્ધની બાબતનો સ્વીકાર કરવામાં આવેલ છે,આ સીવાય આ કામના પ્રથમ પક્ષકાર તરફે સાહેદને તપાસવામાં આવેલ છે જેઓ દવારા પણ આ કામના બીજા પક્ષકાર દવારા તેઓની સંસ્થામાં એક પણ દિવસ કામગીરી નહી કરેલ હોવાનો પુરાવો આપેલ છે તેમજ બીજા પક્ષકાર તરફે તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં પણ આ હકીકતની વિરૂધ્ધની કોઈ બાબત રેકર્ડ પર આવેલ નથી અને જે પ્રશ્નો બીજા પક્ષકારની કામગીરી લગત પુછવામાં આવેલ છે તેનો પણ સાહેદ દવારા ઈન્કાર કરેલ છે,આમ આ સીવાય બીજા પક્ષકાર તરફે કોઈ વિશેષ પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેમજ નોકરીમાં લાગ્યાંની તારીખ જણાવેલ છે પરંતું છુટા કર્યાની ચોકકસ તારીખ જણાવેલ નથી અને તેની જગ્યાએ માત્ર છુટા કર્યાનું વર્ષ જણાવેલ છે,આ સીવાય આ કામના પ્રથમ પક્ષકાર તરફે આંક–૨૧ ના લીસ્ટ થી સને.૨૦૦૭ થી ૨૦૦૯ સુધીના મસ્ટરોની નકલો રજુ કરવામાં આવેલ છે જેમાં આ કામના બીજા પક્ષકારનું નામ જણાતુ નથી અને આ બાબતે બીજા પક્ષકાર દવારા દલીલ કરવામાં આવેલ છે કે,સંસ્થા દવારા ઈરાદાપુર્વક ખોટા દસ્તાવેજો રજુ કરેલ છે પરંતું બીજા પક્ષકાર દવારા તેઓને છુટા કરનાર સંસ્થા ભાદર નહેર વિતરણ પેટા વિભાગ લુણાવાડા હોવાનું જણાવેલ છે અને સંસ્થા દવારા રજુ કરેલ દસ્તાવેજો પણ આજ સંસ્થાના છે જેમાં આ કામના બીજા પક્ષકારનું નામ જણાતુ નથી જેથી બીજા પક્ષકાર તરફેની ખોટા દસ્તાવેજો રજુ કરેલ હોવાની દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી.આ કામના પ્રથમ પક્ષકારનો પ્રથમથી જ બચાવ છે કે,બીજા પક્ષકાર દવારા તેઓની સંસ્થામાં કોઈ દિવસ કામગીરી કરેલ નથી.સામાન્ય સંજોગોમાં જયારે બીજા

પક્ષકાર પોતાની જુબાનીમાં સંસ્થામાં નોકરી કરેલ હોવાનો કે સળંગ નોકરી કરેલ હોવાનો કે ૨૪૦ દિવસ કામગીરી કરેલ પુરાવો આપેલ હોય તો આવી નોકરી તેઓ દવારા નહી કરેલ હોવાનું વિરૂધ્ધનું પુરવાર કરવાનો બોજો પ્રથમ પક્ષકાર ઉપર આવે છે પરંતું હાલના કેસમાં બીજા પક્ષકાર દવારા કઈ ચોકકસ જગ્યાએ,કઈ કામગીરી,કેટલા સમય માટે કરેલ,કયારે છુટા કરેલ તે જણાવેલ નથી,વધુમાં બીજા પક્ષકાર દવારા જે સંસ્થામાં કામગીરી કરતા હોવાની હકીકત જણાવેલ છે તેવી કામગીરીમાં સ્વાભાવીક રીતે જ એક કરતા વધારે કામદારો કામ કરતા હોય તેમ છતા તેઓ તરફે કામગીરી કરતા હોવાની હકીકત પુરવાર કરવા આવા બીજા કોઈ કામદારોને સાહેદ તરીકે આ કામે તપાસેલ નથી,અને બીજા પક્ષકાર દવારા જે તે સમયના કામદારો કર્મચારીઓ તથા અધિકારીના નામો જણાવેલ છે તેમ છતા તેઓને આ કામે સાહેદ તરીકે તપાસેલ નથી તેમજ આ સીવાય કોઈ દસ્તાવેજી આધાર પણ રજુ કરેલ નથી કે જેના આધારે આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામગીરી કરતા હોવાનું પુરવાર થયેલાનું માની શકાય,અને સંસ્થા દવારા જે મસ્ટરો,સીનીયોરીટી લીસ્ટ તથા પગારબીલો રજુ કરવામાં આવેલ છે તેમાં આ કામના બીજા પક્ષકાર નું નામ જણાતું નથી,વધુમાં બીજા પક્ષકાર આ કામના પ્રથમ પક્ષકારના કામદાર હોવાની હકીકત પુરવાર કરવાનો બોજો તો પ્રાથમીક રીતે તો બીજા પક્ષકાર ઉપર જ છે આ બાબતે નામદાર સુપ્રિમકોર્ટ દવારા 2011 (I) LLJ 251(SC) AMAR CHAKRAVARTY & ORS VS MARUTI SUZUKI INDIA LIMITED ( SUPREME COURT OF INDIA).ના પેરાનં.૧૩ માં જણાવેલ છે કે,

> "13.In our opinion, in light of the settled legal position on the point, the judgment of the High Court is clearly indefensible.Whilst it is true that the provisions of the Evidence Act, 1872 per se are not applicable in an industrial adjudication, it is trite that its general principles do apply in proceedings before the Industrial Tribunal or the Labour Court, as the case may be. (See:Municipal Corporation, Faridabad Vs. Siri Niwas.AIR 2004 SC 4681).In any proceeding, the burden of proving a fact lies on the party that substantially asserts the affirmative of the issue, and not on the party who denies it. (See: Anil Rishi Vs. Gurbaksh Singh. 2006 (5) SCC 558)"

વધુમાં નામદાર સુપ્રિમકોર્ટ દવારા Workmen Of Nilgiri Coop. Marketing Society Ltd.Vs. State Of Tamil Nadu (2004)3 Scc 514 ના ચુકાદાના પેરાનં.૪૭માં જણાવેલ છે કે,

> "47. It is a well-settled principle of law that the person who sets up a plea of existence of relationship of employer and employee, the burden would be upon him.

આમ ઉપરોકત તમામ નામદાર સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડીયા ના ચુકાદાઓ ના સિધ્ધાંત જોવામાં આવે તો માલીક અને કામદાર વચ્ચે નો સબંધ સાબીત કરવાનો બાજો કામદાર ઉપર છે અથવા જે વ્યકિત

એ અરજ કરેલ હોય તેના ઉપર છે,આમ એ વાત ખુબ સ્પષ્ટ છે કે,કામદાર અને માલીક વચ્ચે નો સબંધ સાબીત કરવાની જવાબદારી હાલના કેસ ના સંજોગો મુજબ ફકત કામદાર ઉપર રહેલી છે.હાલના કેસમાં અગાઉ કરેલ ચર્ચા મુજબ માલીક અને કામદાર વચ્ચેનો સબંધ સાબીત કરવાનો બોજો કામદાર ઉપર રહેલો હોઈ તેમ છતા પોતાના મૌખીક પુરાવા સીવાય બીજો કોઈ ઉપલબ્ધ એવો પુરાવો રજુ કરેલ નથી અને હાલના કેસમાં તો પ્રથમ પક્ષકાર દવારા તેઓને પોતાના કામદાર તરીકે સ્વીકારેલ નથી અને એનાથી વધારે તો તેઓ દવારા બીજા પક્ષકારે એક પણ દિવસ તેઓને ત્યાં કામગીરી નહી કરેલ હોવાનો તથા બીજા પક્ષકાર દવારા જે સમયે કામગીરી કરેલ હોવાનું જણાવેલ છે અને દસ્તાવેજો રજુ કરીને બીજા પક્ષકારે જણાવેલ છુટા કર્યાના સમય અગાઉ તેઓ કામગીરીમાં નહી હોવાની હકીકત રેકર્ડ ઉપર લાવેલ છે તેવા સંજોગોમાં તો બીજા પક્ષકાર ઉપર તેઓ પ્રથમ પક્ષકારના કામદાર હોવાની હકીકત પુરવાર કરવાનો બોજો વધી જાય છે તેમ છતા બીજા પક્ષકાર તરફે આ માટે કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી તેમજ પ્રથમ પક્ષકાર તરફે પણ પોતાની દલીલમાં પણ આ બાબતે રજુઆત કરવામાં આવેલ છે કે,બીજા પક્ષકાર દવારા તેઓની સંસ્થામાં કોઈ વાર એક દિવસની પણ કામગરી કરેલ નથી તેવા સંજોગોમાં બીજા પક્ષકારનો રેફરન્સ નામંજુર કરવો જોઈએ જે ગ્રાહય રાખવાપાત્ર જણાય છે.વધુમાં બીજી અગત્યની બાબત રેકર્ડ પર આવેલ છે કે,બીજા પક્ષકાર દવારા પોતાની મજુર કમિશ્નરશ્રી સમક્ષની ફરીયાદમાં તેઓની ઉમર ૪૩ વર્ષની જણાવેલ છે અને આ સીવાય તેઓની ઉમર બાબતેનો કોઈ આધાર આ કામે રજુ કરવામાં આવેલ નથી અને આ ફરીયાદ તેઓ દવારા તા.૨૦/૦૩/૧૩ ના રોજ આપવામાં આવેલ હતી જેથી તેઓની સને.૨૦૧૩ ના સમયની ૪૩ વર્ષની ઉમર ધ્યાને લેતા તેઓની નોકરીમાં લાગ્યાંનું વર્ષ સને.૧૯૮૨ જણાવેલ હોય સને.૧૯૮૨ માં તેઓની ઉમર ગણતા ૧૨ વર્ષની થાય છે અને આટલી નાની ઉમરમાં કોઈ વ્યકતીનું રોજમદાર કામદાર તરીકે કામગીરી કરવું અને સંસ્થા દવારા તેઓને કામ ઉપર રાખવાનું કોઈ પણ રીતે સંભવીત અને શકય નથી,જેથી બીજા પક્ષકારે આ સમય દરમ્યાન નોકરી નહી કરેલ હોવા છતા ઈરાદાપુર્વક પોતાની ઉમર ફરીયાદમાં ખોટી જણાવેલ હોવાનું અથવા તો નોકરીમાં લાગ્યાનો સમય ખોટો જણાવેલ હોવાનું સ્પસ્ટ પણે જણાય છે.આમ ઉપરોકત તમામ બાબતો જોતા આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં એક વર્ષ ઉપરાંતથી કામચી નોકરી કરતા હોવાની કે છુટા કર્યાના અગાઉના ૧૨ માસ દરમ્યાન ૨૪૦ દિવસથી ઓછા નહી તેટલા દિવસની કામગીરી કરેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલ નથી જેથી બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામદાર હતા અને રોજમદાર મજુર તરીકે ફરજ બજાવતા હોવાનું પુરવાર થયેલ ના હોય મુદાનં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૧૧) મુદ્દાનં.૨ ::–

ઉપરોકત મુદાનં.૧ ના કારણો તથા નિર્ણય ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર દવારા પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામદાર હોવાની અને રોજમદાર મજુર તરીકે કામગીરી કરતા હોવાની હકીકત પુરવાર કરી શકેલ નથી તેવા સંજોગમાં આ કામના બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા પડેલા દિવસોના પગાર મેળવવા અથવા યોગ્ય વળતર મેળવવા હકકદાર થતા ના હોય મુદાનં.૨ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૧૨) મુધ્દા નં.૩ ::–

આ કામના બીજા પક્ષકાર દવારા મુદાનં.૧ તથા ૨ માં જણાવેલ ચર્ચા તથા નિર્ણય ધ્યાને લેતા મુદાનં .૩ લગત ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના બીજા પક્ષકાર **શ્રી અર્જુનભાઈ શનાભાઈ પગી**ને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત થવા હકદાર ના થતા હોવાનું ઠરાવામાં આવે છે.

(૩) હાલનો એવોર્ડ મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરાને પ્રસિધ્ધી માટે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરા તરફથી એવોર્ડની નકલ પ્રસિધ્ધ થઈને આવેથી અધિક્ષકશ્રી,લેબર કોર્ટ ગોધરાને તાત્કાલીક નકલ આપવા બાબતે મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો.૧૯૪૭ના નિયમ.૩૨ ની જોગવાઈ અનુંસારની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**સ્થળ : ગોધરા**
**તા.૦૧/૦૪/૨૦૨૫**

**(હીતેશકુમાર અમરભાઈ મકા)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત,ગોધરા.**
**GJ01459**